સુરત મહાનગરપાલિકા
# કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય
અઠવાલાઈન્સ, સુરત.
ફોન નં. (૦૨૬૧) ૨૬૬૫૮૭૩, ફેકસ નં. (૦૨૬૧) ૨૬૬૮૪૨૬
URL:www.suratmunicipal.gov.in, e-mail: nclsmc@gmail.com

એપેલેટ ઓફિસર અને ગ્રંથપાલ,
કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય,
અઠવાલાઈન્સ, સુરત.

પ્રથમ અપીલ અરજી
નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/૧
તા.૧૭/૦૯/૨૦૧૪

અરજદાર : શ્રી ભનુભાઈ ઠુંમર

સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને સીની.કલાર્કશ્રી એમ. બી. પટેલ, ક.ન.મ.પુસ્તકાલય, સુ.મ.પા.

**ફરીયાદની હકીકત :**

વિષય : રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ, ૨૦૦૫ હેઠળની અરજદારશ્રી ભનુભાઈ ઠુંમર, સુરતની તા.૧૫/૦૫/૨૦૧૪ની અરજી આઈ.ડી.નં.૧૬૧થી વિગતવાર માહિતી મેળવવા બાબત.

સંદર્ભ : અરજદારની પ્રથમ અપીલ અરજી નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/૦૧, તા.૧૭/૦૯/૨૦૧૪.

ઉપરોકત વિષયે આર.ટી.આઈ. એકટ હેઠળ અરજી કરનાર અરજદારશ્રી ભનુભાઈ ઠુંમરના એ રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ, ૨૦૦૫ હેઠળની તા.૧૫/૦૫/૨૦૧૪ની અરજી **આઈ.ડી.નં.૧૬૧** થી વિગતવાર માહિતી મેળવવા જાહેર માહિતી અધિકારી અને સીની.કલાર્કશ્રી એમ. બી. પટેલ, ક.ન.મ.પુસ્તકાલય, સુરતની કચેરીમાં કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને સીની.કલાર્કશ્રી એમ. બી. પટેલ, ક.ન.મ.પુસ્તકાલય તરફથી અરજદારને આપવા જોગ જાહેર વાંચનાલયોના ઈજારા પધ્ધતિથી સંચાલનના કામ અંગે તેઓનાં પત્ર ક્રમાક નં.ન.મ.પુ./આર.ટી.આઈ./જા./૨/૧, તા.૨૯/૦૫/૨૦૧૪થી જવાબી પત્ર પાઠવવામાં આવેલ.

જે સંદર્ભે નિર્દિષ્ટ સમયમાં મળેલ પ્રતિભાવમાં જાહેર માહિતી અધિકારી અને સીની.કલાર્કશ્રીના નિર્ણયથી નારાજ હોવાનું જણાવી **પ્રથમ અપીલ અરજી** ઈસ્ટ ઝોન કચેરીમાં આપવામાં આવેલ. જે પ્રથમ અપીલ અરજી ઈસ્ટ ઝોનનાં પત્ર ક્રમાક નં.ઈસ્ટ ઝોન/આર.ટી.આઈ./આ./૧૬૧, તા.૧૬/૦૯/૨૦૧૪નાં રોજ આપવામાં આવેલ. જે અપીલ અરજી નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/૦૧, તા.૧૭/૦૯/૨૦૧૪ થી અત્રે નોંધાયેલ હતી.

અરજદારની ઉકત અપીલ અરજી નિર્ણય મળ્યાની તારીખથી ત્રીસ દિવસની સમય મર્યાદા પછી મળેલ છે. તેમ છતાં અપીલ અરજી બાબતે અરજદારશ્રી ભનુભાઈ ઠુંમર તથા જાહેર માહિતી અધિકારી અને સીની.કલાર્કશ્રી એમ. બી. પટેલને એપેલેટ ઓફિસર અને ગ્રંથપાલ, ક.ન.મ.પુસ્તકાલય, સુરતની કચેરીમાં તા.૩૦/૦૯/૨૦૧૪નાં રોજ બપોરે ૧૨.૦૦ કલાકે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અત્રેનાં પત્ર નં.ન.મ.પુ./આર.ટી.આઈ./જા./૦૧, તા.૨૦/૦૯/૨૦૧૪ થી જણાવવામાં આવેલ. જેનાં અનુસંધાને ઉકત તારીખે અને સમયે અપીલ અંગેની રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રી ભનુભાઈ ઠુંમર હાજર રહેલ નહી. જયારે જાહેર માહિતી અધિકારી અને સીની.કલાર્કશ્રી એમ. બી. પટેલ, ક.ન.મ.પુસ્તકાલય, સુરત હાજર રહેલ. જે અપીલ રૂબરૂ સુનાવણી અંગેની કાર્યવાહી ૧૨.૦૦ કલાકથી શરૂ કરવામાં આવેલ.

ઉકત સુનાવણી દરમ્યાન શ્રી એમ. બી. પટેલ, સીની.કલાર્ક અને જાહેર માહિતી અધિકારી ધ્વારા જણાવ્યાનુસાર, અરજદારની રજુઆત મુખ્યત્વેસુરત શહેર હદ વિસ્તારમાં આવેલ સુરત મહાનગરપાલિકા નિર્મિત જાહેર વાંચનાલયોના કરારીય ધોરણે સંચાલનના કામે ઈજારદાર ધ્વારા કઈ કઈ શરતોનું પાલન કરવાનું તથા ઈજારદાર ધ્વારા તા.૩૧/૧૨/૨૦૧૦ પછીથી આજ સુધીમાં એટલે કે તા.૩૧/૦૩/૨૦૧૪ સુધીમાં રજુ કરેલ બીલ/પહોંચ/પેપર્સ બાબતની છે. જે અંગે અરજદારને તા.૨૯/૦૫/૨૦૧૪ના પત્ર નં.ન.મ.પુ./આર.ટી.આઈ./જા./૨/૧ થી હકીકત જણાવવામાં આવેલ છે. જે મુજબ જાહેર વાંચનાલયોના સંચાલનની કામગીરી કરવા માટેની શરતો (કુલ પેજીસ–૨૫) આપવામાં આવેલ છે તથા ઈજારદાર ધ્વારા તા.૦૧/૦૧/૨૦૧૧ થી તા.૩૧/૦૩/૨૦૧૪ સુધીમાં કુલ બીલ રૂા.૩,૫૦,૨૨,૫૪૬/–નું ચુકવણુ કરવા સારૂ સુ.મ.પા.માં રજુ કરેલ છે. સદર હકીકતના સમર્થનમાં રેકર્ડ પર ઉપલબ્ધ તમામ માહિતી રૂબરૂ ચકાસણી અર્થે જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા રજુ કરવામાં આવેલ છે.

જા.મા.અધિકારીશ્રી એમ. બી. પટેલ ધ્વારા રજુ કરવામાં આવેલ તેમના તરફેનો પક્ષ તેમજ અત્રેના નિરીક્ષણ અર્થે રજુ કરેલ તમામ દફતરી વિગતો, તુમારો વિ.નો અભ્યાસ કરતા, અરજદાર ધ્વારા સુરત મહાનગરપાલિકાને કરેલ લેખિત અરજી મુખ્યત્વે સુરત મહાનગરપાલિકા નિર્મિત જાહેર વાંચનાલયોના કરારીય ધોરણે સંચાલનના કામે ઈજારદાર ધ્વારા કઈ કઈ શરતોનું પાલન કરવાનું તથા ઈજારદાર ધ્વારા તા.૩૧/૧૨/૨૦૧૦ પછીથી આજ સુધીમાં એટલે કે તા.૩૧/૦૩/૨૦૧૪ સુધીમાં રજુ કરેલ બીલ/પહોંચ/પેપર્સ બાબતની હતી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા રજુ કરવામાં આવેલ પક્ષ મુજબ જાહેર વાંચનાલયોના સંચાલનની કામગીરી કરવા માટેની શરતો (કુલ પેજીસ–૨૫) આપવામાં આવેલ છે તથા ઈજારદાર ધ્વારા તા.૦૧/૦૧/૨૦૧૧ થી તા.૩૧/૦૩/૨૦૧૪ સુધીમાં કુલ બીલ રૂા.૩,૫૦,૨૨,૫૪૬/–નું ચુકવણુ કરવા સારૂ સુ.મ.પા.માં રજુ કરેલ છે. જે અંગેના ઉપલબ્ધ રેકર્ડ, પુરાવાઓ અને તુમારો જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા એપેલેટ ઓફિસરશ્રી સમક્ષ રજુ કરવામાં આવેલ. જેની ચકાસણી કરતા, રેકર્ડ પર ઉપલબ્ધ માહિતી અરજદારને આપેલ હોવાનું માલુમ પડેલ છે.

પ્રથમ અપીલનાં હુકમ કે તેની અમલવારી બાબતે અરજદાર નારાજ કે અસંતુષ્ટ હોય તો માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ની કલમ ૧૯ (૩) હેઠળ રાજય માહિતી આયોગ, સેકટર નં. ૧૮, ગાંધીનગરને પ્રથમ અપીલનાં હુકમ દિન – ૯૦ માં નામદાર આયોગશ્રીને બીજી અપીલ કરવા અંગેની જોગવાઈ છે.

## <u>હુકમ</u>

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં, અપીલ અરજી નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/૦૧, તા.૧૭/૦૯/૨૦૧૪ બાબતે નીચે મુજબનો હુકમ કરી, અપીલનો નિકાલ કરવામાં આવે છે.

'અરજદારશ્રી ઠુંમર ભનુભાઈ લાલજીભાઈની અરજી અન્વયે અરજદાર ધ્વારા જો જાહેર માહિતી અધિકારીશ્રીને લેખિત વિનંતી કરવામાં આવે તો તેવી વિનંતીને ધ્યાને લઈ, માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ ની જોગવાઈઓને આધિન ઉપલબ્ધ રેકર્ડની તપાસણી અર્થે અરજદાર સમક્ષ રજુ કરવા જાહેર માહિતી અધિકારી અને સીનીયર કલાર્કશ્રી એમ. બી. પટેલને આથી હુકમ કરવામાં આવે છે.'

(વિ. પી. પીલુદરીયા)
એપેલેટ ઓફિસર અને ગ્રંથપાલ
ક.ન.મ.પુસ્તકાલય
સુરત મહાનગરપાલિકા

નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/જા./૧/૧
તા.૩૦/૦૯/૨૦૧૪

પ્રતિશ્રી,
(૧) ન. ર. : શ્રી ભનુભાઈ ઠુંમર પ્રતિ, જાણ સારૂ.
(૨) ન. ર. : જાહેર માહિતી અધિકારી અને સીની.કલાર્કશ્રી એમ. બી. પટેલ, પ્રતિ, જાણ સારૂ.....
(૩) ન. ર. : એપેલેટ ઓફિસર અને કાર્યપાલક ઈજનેરશ્રી (ઈસ્ટ ઝોન) પ્રતિ,
આપના તા.૧૬/૦૯/૨૦૧૪ના પત્ર નં.ઈસ્ટ ઝોન/આર.ટી.આઈ./આ./૧૬૧ અન્વયે જાણ સારૂ.....

સુરત મહાનગરપાલિકા
કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય
અઠવાલાઈન્સ, સુરત.
ફોન નં. (૦૨૬૧) ૨૬૬૫૮૭૩, ફેક્સ નં. (૦૨૬૧) ૨૬૬૮૪૨૬
URL:www.suratmunicipal.gov.in, e-mail: nclsmc@gmail.com

એપેલેટ ઓફિસર અને ગ્રંથપાલ,
કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય,
અઠવાલાઈન્સ, સુરત.

પ્રથમ અપીલ અરજી
નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/૨
તા.૨૮/૧૧/૨૦૧૪

અરજદાર : શ્રી મુકેશભાઈ ડી. વઘાસીયા

સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને સીની.કલાર્કશ્રી એમ. બી. પટેલ, ક.ન.મ.પુસ્તકાલય, સુ.મ.પા.

**ફરીયાદની હકીકત :**

વિષય : રાઈટ ટુ ઈન્ફોર્મેશન એક્ટ, ૨૦૦૫ હેઠળની અરજદારશ્રી મુકેશભાઈ વઘાસીયા, સુરતની તા.૧૫/૧૦/૨૦૧૪ની અરજી આઈ.ડી.નં.૮૧૫થી વિગતવાર માહિતી મેળવવા બાબત.

સંદર્ભ : અરજદારની પ્રથમ અપીલ અરજી નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/૦૨, તા.૨૮/૧૧/૨૦૧૪.

ઉપરોક્ત વિષયે આર.ટી.આઈ. એક્ટ હેઠળ અરજી કરનાર અરજદારશ્રી મુકેશભાઈ વઘાસીયાના એ રાઈટ ટુ ઈન્ફોર્મેશન એક્ટ, ૨૦૦૫ હેઠળની તા.૧૫/૧૦/૨૦૧૪ની અરજી **આઈ.ડી.નં.૮૧૫** થી વિગતવાર માહિતી મેળવવા જાહેર માહિતી અધિકારી અને સીની.કલાર્કશ્રી એમ. બી. પટેલ, ક.ન.મ.પુસ્તકાલય, સુરતની કચેરીમાં કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને સીની.કલાર્કશ્રી એમ. બી. પટેલ, ક.ન.મ.પુસ્તકાલય તરફથી અરજદારને આપવા જોગ વર્ષ ૧૯૯૬ થી વર્ષ ૨૦૦૫ દરમ્યાન જાહેર વાંચનાલયોના સંચાલનના કામ અંગે તેઓનાં પત્ર ક્રમાક નં.ન.મ.પુ./આર.ટી.આઈ./જા./૯, તા.૨૨/૧૦/૨૦૧૪થી જવાબી પત્ર પાઠવવામાં આવેલ.

જે સંદર્ભે 'સમય મર્યાદામાં માહિતી મળેલ નથી' હોવાનું જણાવી **પ્રથમ અપીલ અરજી** ઈસ્ટ ઝોન કચેરીમાં આપવામાં આવેલ. જે પ્રથમ અપીલ અરજી ઈસ્ટ ઝોનનાં પત્ર ક્રમાક નં.ઈસ્ટ ઝોન/આર.ટી.આઈ./આ./૮૧૫, તા.૨૬/૧૧/૨૦૧૪નાં રોજ આપવામાં આવેલ. જે અપીલ અરજી નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/૦૨, તા.૨૮/૧૧/૨૦૧૪ થી અત્રે નોંધાયેલ હતી.

શ્રી એમ. બી. પટેલ, સીની.કલાર્ક અને જાહેર માહિતી અધિકારી ધ્વારા જણાવ્યાનુસાર, અરજદારની રજુઆત અંગે અરજદારને તા.૨૨/૧૧/૨૦૧૪ના પત્ર નં.ન.મ.પુ./આર.ટી.આઈ./જા./૯ થી હકીકત જણાવવામાં આવેલ છે. જે પત્ર ભારતીય ટપાલ ખાતાના રજી.પો.એ.ડી.થી તા.૨૨/૧૦/૨૦૧૪ના રોજ કરવામાં આવેલ અને અરજદારને પત્ર મળ્યા બદલનો એકનોલોજમેન્ટ અત્રેના ખાતામાં મળેલ છે તથા ઓનલાઈન ટ્રેકીંગ સીસ્ટમથી ( RG650701271IN ) તપાસ કરતા અરજદારને તા.૨૫/૧૧/૨૦૧૪ના રોજ પત્ર પહોંચાડેલ હોવાનું ધ્યાને આવેલ છે. સદર હકીકતના સમર્થનમાં રેકર્ડ પર ઉપલબ્ધ તમામ માહિતી રૂબરૂ ચકાસણી અર્થે જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા રજુ કરવામાં આવેલ છે.

જા.મા.અધિકારીશ્રી એમ. બી. પટેલ ધ્વારા રજુ કરવામાં આવેલ તમામ દફતરી વિગતો, તુમારો વિ.નો અભ્યાસ કરતા, અરજદાર ધ્વારા સુરત મહાનગરપાલિકાને કરેલ લેખિત અરજી મુખ્યત્વે સુરત મહાનગરપાલિકા નિર્મિત જાહેર વાંચનાલયોનું વર્ષ ૧૯૯૬ થી વર્ષ ૨૦૦૫ દરમ્યાન સંચાલનના કામ બાબતની હતી જે સમય મર્યાદામાં માહિતી મળેલ નથી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા રજુ કરવામાં આવેલ પક્ષ મુજબ સુરત મહાનગરપાલિકાના નિયંત્રણ હેઠળના જાહેર વાંચનાલયોના સંચાલનને લગતી સમગ્ર કામગીરી તા.૩૦/૧૧/૨૦૦૫ સુધી સંબંધિત ઝોન કચેરીઓ ધ્વારા કરવામાં આવતી હતી. જેના સંચાલન અંગેના રેકર્ડ અત્રેના ખાતામાં ઉપલબ્ધ નથી. જે અંગેના ઉપલબ્ધ રેકર્ડ, પુરાવાઓ અને તુમારો જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા એપેલેટ ઓફિસરશ્રી સમક્ષ રજુ કરવામાં આવેલ. જેની ચકાસણી કરતા, રેકર્ડ પર ઉપલબ્ધ માહિતી અરજદારને આપેલ હોવાનું તથા સમય મર્યાદામાં પહોંચાડેલ હોવાનું માલુમ પડેલ છે.

પ્રથમ અપીલનાં હુકમ કે તેની અમલવારી બાબતે અરજદાર નારાજ કે અસંતુષ્ટ હોય તો માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ની કલમ ૧૯ (૩) હેઠળ રાજય માહિતી આયોગ, સેકટર નં. ૧૮, ગાંધીનગરને પ્રથમ અપીલનાં હુકમ દિન – ૯૦ માં નામદાર આયોગશ્રીને બીજી અપીલ કરવા અંગેની જોગવાઈ છે.

## હુકમ

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં, અપીલ અરજી નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/૦૨, તા.૨૮/૧૧/૨૦૧૪ બાબતે નીચે મુજબનો હુકમ કરી, અપીલનો નિકાલ કરવામાં આવે છે.

'અરજદારશ્રી મુકેશભાઈ ડી. વઘાસીયાની અરજી અન્વયે જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા નિયત સમય મર્યાદામાં અરજીનો નિકાલ કરેલ હોય અને અરજદારને નિયમ સમય મર્યાદામાં માહિતી પહોંચાડેલ હોવાનું ધ્યાને આવેલ હોય, અરજદારની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.'

(વિ. પી. પીલુદરીયા)
એપેલેટ ઓફિસર અને ગ્રંથપાલ
ક.ન.મ.પુસ્તકાલય
સુરત મહાનગરપાલિકા

નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/જા./૨/૧
તા.૧૯/૧૨/૨૦૧૪

પ્રતિશ્રી,
(૧) ન. ર. : શ્રી મુકેશભાઈ વઘાસીયા, પ્રતિ, જાણ સારૂ.
(૨) ન. ર. : જાહેર માહિતી અધિકારી અને સીની.કલાર્કશ્રી એમ. બી. પટેલ, પ્રતિ, જાણ સારૂ.....
(૩) ન. ર. : ડે. ઈજનેર અને જાહેર માહિતી અધિકારીશ્રી (ઈસ્ટ ઝોન) પ્રતિ,
આપના તા.૨૬/૧૧/૨૦૧૪ના પત્ર નં.ઈસ્ટ ઝોન/આર.ટી.આઈ./આ./૮૧૫ અન્વયે જાણ સારૂ.....